## મંધાના વન ડે રેન્કિંગમાં ટોચ પર યથાવત

દુબઈ, તા. 13 : ભારતની નવનિયુક્ત કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ગુરુવારે જાહેર કરાયેલા નવીનતમ રેન્કિંગમાં વન ડે મહિલા બેટર્સની યાદીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે જ્યારે ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી ટોચ 10માં પાછી ફરી છે. તાજેતરમાં હરમનપ્રીત કૌરની જગ્યાએ કેપ્ટન બનેલી મંધાના 790 પોઈન્ટ સાથે બેટિંગ ચાર્ટમાં ટોચ પર છે, હરમનપ્રીત નવમા સ્થાને છે. દિપ્તી શર્મા વન ડે બોલરોના રેન્કિંગમાં એક સ્થાન નીચે સરકીને નવમા સ્થાને પહોંચી ગઈ છે.

## ગીલ, શેફાલી સપ્ટેમ્બરના પ્લેયર્સ ઓફ ધ મન્થ

દુબઈ, તા. 13 : ભારતીય કેપ્ટન શુભમન ગિલને મંગળવારે રેકોર્ડ પાંચમી વખત આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ તરીકે જાહેર કરવામાં આવ્યો, જ્યારે મહિલા ઓપનર શેફાલી વર્માને એશિયા કપ અને એશિયન ગેમ્સમાં તેના શાનદાર પ્રદર્શન માટે આ સન્માન મળ્યું. શુભમને વેસ્ટ ઈન્ડિઝ સામેની વન ડે સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ પાંચમી વખત છે જ્યારે એક જ દેશના પુરુષ અને મહિલા ક્રિકેટરોની પસંદગી કરવામાં આવી છે.

## યુવરાજ દિલ્હી કેપિટલ્સનો બેટિંગ કોચ બન્યો

નવી દિલ્હી, તા. 13 : ભારતીય ક્રિકેટ ટીમનો માજી ઓલરાઉન્ડર યુવરાજ સિંહને મંગળવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની નવી સીઝન પહેલા દિલ્હી કેપિટલ્સના સહાયક અને બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. આ માજી ઓલરાઉન્ડરે શુભમન ગિલ, અભિષેક શર્મા અને પ્રભસિમરન સિંહ સહિત અનેક સ્થાપિત અને ઉભરતા ભારતીય ખેલાડીઓના માર્ગદર્શક તરીકે સેવા આપી છે. આ પહેલી વાર હશે જ્યારે તે ઔપચારિક રીતે કોઇ ટીમના કોચિંગ સ્ટાફમાં જોડાશે.

## અફઘાનિસ્તાનને બાંગ્લાદેશ સામે હાર ટાળી

અબુ ધાબી (યુએઈ) તા. 13 : સિદીકુલ્લાહ અટલની પહેલી ટેસ્ટ સદીના કારણે અફઘાનિસ્તાને મંગળવારે બાંગ્લાદેશ સામેની એકમાત્ર ટેસ્ટ મેચ ડ્રો કરી હતી. અફઘાનિસ્તાન બીજા દાવમાં પાંચમા અને અંતિમ દિવસની 92 ઓવર સહિત કુલ 142 ઓવર સુધી બેટિંગ કરીને પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં હાર ટાળવામાં સફળ રહ્યું હતું.

# આજે ચોથી ટી-20 : ભારતની નજર સીરિઝ જીત પર

**ભારત** માટે મિડલ ઓર્ડર બેટ્સમેનોની પ્રેક્ટિસનો અભાવ એકમાત્ર ચિંતાનો વિષય

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



હૈદરાબાદ, તા. 13 (પીટીઆઈ) : વેસ્ટઈન્ડિઝ સામે આવતીકાલે બુધવારે અહીં જ્યારે ભારતીય ટીમ ચોથી ટી-20 રમવા માટે મેદાને ઉતરશે ત્યારે ફોર્મમાં ચાલી રહેલા ભારતીય બેટ્સમેનોની મદદથી તે મેચ જીતીને સીરિઝ પર કબજો જમાવવાનો પ્રયાસ કરશે. ભારત હાલમાં 2-1થી આગળ છે. દરમિયાન, વેસ્ટ ઈન્ડીઝ તેની પાછલી મેચમાં કારમી હાર બાદ વાપસી કરીને સીરિઝમાં ટકી રહેવાનો પ્રયાસ કરશે.

ફરી એકવાર, મેચ બંને ટીમોના પાવર હિટર્સ પર નિર્ભર રહેશે. ભારતના ટોચના ક્રમના બેટ્સમેન, સંજુ સેમસન, અભિષેક શર્મા અને ઈશાન કિશન, અત્યાર સુધી સારું પ્રદર્શન કરી ચૂક્યા છે, જેના કારણે સીરિઝમાં અત્યાર સુધી ભારતીય મિડલ ઓર્ડર પર વધુ દબાણ રહ્યું નથી. ભારત માટે એકમાત્ર ચિંતા ટોચના ક્રમના બેટ્સમેનોના ઉત્તમ ફોર્મને કારણે મધ્યમ ક્રમના બેટ્સમેનોની પ્રેક્ટિસનો અભાવ છે. જો ટોચના ત્રણ ખેલાડીઓ નિષ્ફળ જાય, તો તિલક વર્મા, નીતિશ કુમાર રેડ્ડી અને નમન ધીરે જવાબદારી ઉપાડવી પડશે.

બીજી તરફ, વેસ્ટ ઈન્ડીઝ માટે પડકાર ભારતીય રન રેટને કાબુમાં રાખવાનો રહેશે. કેપ્ટન શ્રેયસ અય્યરે પહેલી ટી-20માં સદી ફટકારી હતી, જ્યારે સેમસન અને ઈશાને બીજી મેચમાં મોટી ઈનિંગ્સ રમી હતી, જોકે વેસ્ટ ઈન્ડીઝે મેચ જીતી લીધી હતી. ત્રીજી મેચમાં અભિષેકે પ્રભુત્વ જમાવ્યું હતું.

વેસ્ટ ઈન્ડિઝના ઓપનર શેરફેન રધરફોર્ડે અત્યાર સુધીમાં 189ના સ્ટ્રાઈક રેટથી 172 રન બનાવ્યા છે. કેપ્ટન શે હોપે 182ના સ્ટ્રાઈક રેટથી 159 રન બનાવ્યા છે. જોકે, વેસ્ટ ઈન્ડિઝે વિશ્વ ચેમ્પિયન ભારતને તેની જ ધરતી પર હરાવવા માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની જરૂર પડશે.

# વિરાટ-રોહિતની પસંદગીનો માપદંડ ઉંમર નહીં પણ ફિટનેસ હોવો જોઇએ : BCCI પ્રમુખ

**વન ડે** વર્લ્ડકપમાં વિરાટ અને રોહિતના રમવા અંગે મિથુન મિન્હાસે કહ્યું તેમની તકોમાં વય અવરોધક ન હોવી જોઇએ



નવી દિલ્હી, તા. 13 : આગામી વર્ષે ઓક્ટોબરથી યોજાનારા વન ડે વર્લ્ડકપ 2027માં વિરાટ કોહલી અને રોહિત શર્માની રમવાની શક્યતાઓ અંગે વધતી જતી ચિંતાઓ હવે ઓછી થઈ ગઈ છે. વેસ્ટ ઈન્ડીઝ સામે તાજેતરમાં પૂર્ણ થયેલી વન ડે સીરિઝમાં બંને અનુભવી ખેલાડીઓએ સદી ફટકારીને રન બનાવ્યા હોવાથી હાલ પૂરતું, તેમના ભવિષ્યને લઈને ચાલી રહેલી ચર્ચાઓ શાંત થઈ ગઈ છે. આવતા વર્ષે વર્લ્ડકપ દરમિયાન કોહલી 39 વર્ષનો જ્યારે રોહિત 40 વર્ષથી વધુનો હશે. જોકે, બીસીસીઆઇ પ્રમુખ મિથુન મિન્હાસ માને છે કે ઉંમર તેમની તકોમાં અવરોધ ન હોવી જોઈએ .

મિન્હાસે કહ્યું હતું કે જ્યાં સુધી બીસીસીઆઈનો સવાલ છે, અમે કોઈ ટિપ્પણી કરવાની સ્થિતિમાં નથી કારણ કે તે બધું પસંદગીકારો અને કોચ પર આધાર રાખે છે. પરંતુ હું તેને એ રીતે જોઉં છું કે ફિટનેસ અને પ્રદર્શન પસંદગી માટે માપદંડ હોવા જોઈએ, ચોક્કસપણે ઉંમર નહીં. જો કોઈ રમવા માટે ફિટ હોય, અને તમે તેને દેશ માટે પ્રદર્શન કરતા અને મેચ જીતતા જોશો, તો તે એકમાત્ર માપદંડ છે જેના પર આપણે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

મિન્હાસ માને છે કે વિરાટ, હાર્દિક અને રોહિત ટીમમાં હોવાથી તેને ચોક્કસપણે મદદ મળશે. પછી બુમરાહ જેવા ખેલાડીઓ છે, જે નેતૃત્વ કરી શકે છે, જે બોલિંગ કેપ્ટન બની શકે છે, અને પછી કોઈ એવું છે જે ફિલ્ડિંગ કેપ્ટન બનશે. તેથી, તે બધું વર્કલોડના વિતરણ વિશે છે.

# વન ડે વર્લ્ડકપની ટિકિટ માટે 1.5 કરોડથી વધુ અરજીઓ આવી : ICC

**વન** ડે વર્લ્ડકપ માટે 142 દેશોના ચાહકો દ્વારા 44,23,417 નોંધણીઓ મળીને કુલ 15,083,752 અરજી મળી

**ફાઇનલ** યોજાય તેના બરાબર એક વર્ષ પહેલા 21 નવેમ્બર, 2026 સુધી ટિકિટ નોંધણી કરાવી શકાશે

દુબઈ, તા. 13 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ મંગળવારે જણાવ્યું હતું કે 12 દિવસ પહેલા 2027ના વન ડે વર્લ્ડકપની ટિકિટ માટે અરજી પ્રક્રિયા શરૂ થયા પછી તેને 142 દેશોમાંથી 1.5 કરોડથી વધુ અરજીઓ મળી છે, જે પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં વૈશ્વિક રસ દર્શાવે છે. ટોચની 50 ઓવરની ટુર્નામેન્ટ 2 ઓક્ટોબરથી 21 નવેમ્બર દરમિયાન દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા દ્વારા સંયુક્ત રીતે યોજાશે.

આઈસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું તે અત્યાર સુધી, ટિકિટ માટે 15,083,752 અરજીઓ મળી છે, જેના માટે 142 દેશોના ચાહકો દ્વારા 44,23417 નોંધણીઓ કરવામાં આવી છે. જોહાનિસબર્ગના વાન્ડરર્સ સ્ટેડિયમમાં ફાઇનલ યોજાય તેના બરાબર એક વર્ષ પહેલા 21 નવેમ્બર, 2026 સુધી ટિકિટ નોંધણી કરાવી શકાશે.

આઈસીસીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સંજોગ ગુપ્તાએ જણાવ્યું હતું કે ટિકિટોની મજબૂત માગ ક્રિકેટ વર્લ્ડકપની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠા, પર્યટન સ્થળ તરીકે આફ્રિકાનું આકર્ષણ અને ટુર્નામેન્ટ પહેલા આઈસીસી અને તેના ભાગીદારોની પ્રમોશનલ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પન્ન થયેલા ઉત્સાહનો પુરાવો છે. 24 વર્ષના અંતરાલ પછી ક્રિકેટ વર્લ્ડકપ દક્ષિણ આફ્રિકામાં પાછો ફરી રહ્યો છે. ગુપ્તાએ જણાવ્યું કે ટુર્નામેન્ટ શરૂ થવાના એક વર્ષથી થોડો સમય બાકી હોવાથી, આઈસીસીએ આ સમયગાળા દરમિયાન પ્રમોશનલ પ્રવૃત્તિઓ, વિવિધ પ્લેટફોર્મ પર ઝુંબેશ અને વિશિષ્ટ સામગ્રીની શ્રેણીની વિશાળ શ્રેણીનું આયોજન કર્યું છે.

# ડરબન ટેસ્ટમાં પછડાટ સાથે બાવુમાની કેપ્ટન્સીમાં આફ્રિકા પહેલીવાર ટેસ્ટ હાર્યું

**હેઝલવુડની** છ વિકેટની મદદથી ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને તેના ઘરઆંગણે 214 રનથી હરાવ્યું

**ઓસ્ટ્રેલિયાએ** મૂકેલા 421 રનના લક્ષ્યાંક સામે માર્કરમના સંઘર્ષ છતાં દક્ષિણ આફ્રિકા 206 રનમાં ઓલઆઉટ

ડરબન, તા. ૧૩ : અહીંના કિંગ્સમીડ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં આજે મંગળવારે પાંચમા અને અંતિમ દિવસે ઝડપી બોલર જોશ હેઝલવુડના 49 રનમાં છ વિકેટના કેરિયર બેસ્ટ પ્રદર્શનની મદદથી ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને ૨૧૪ રનથી હરાવ્યું અને ત્રણ મેચની સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. દક્ષિણ આફ્રિકાના કેપ્ટન તેમ્બા બવુમાએ ટેસ્ટ કેપ્ટન તરીકે આ પહેલી હાર મેળવી હતી. પાંચમા દિવસે હેઝલવુડે દક્ષિણ આફ્રિકાની બાકીની છ વિકેટોમાંથી ચાર વિકેટ લીધી હતી.

ઓસ્ટ્રેલિયાના 421 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા લંચ પછી એક કલાક કરતાં પણ ઓછા સમયમાં 86.5 ઓવરમાં 206 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દક્ષિણ આફ્રિકાના ઓપનર એડન માર્કરામ ચોથી ઈનિંગમાં લગભગ છ કલાક સુધી સંઘર્ષ કરીને 237 બોલમાં 75 રન બનાવ્યા અને નવમી વિકેટ તરીકે તે આઉટ થયો હતો.



**ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ** 390
**દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવ** 284

**ઓસ્ટ્રેલિયા બીજો દાવ**314/6 **ડિકલેર**

| દક્ષિણ આફ્રિકા બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રિકલ્ટન કો.કેરી બો.હેઝલવુડ | 2 | 12 | 0 | 0 |
| માર્કરમ કો.કેરી બો.સ્ટાર્ક | 75 | 237 | 10 | 0 |
| બેડિંગહામ LB બો.હેઝલવુડ | 46 | 68 | 8 | 0 |
| બાવુમા કો.મેડિનસન બો.રેનશો | 1 | 18 | 0 | 0 |
| સ્ટબ્સ કો.કેરી બો.કમિન્સ | 1 | 12 | 0 | 0 |
| મુલ્ડર કો.કેરી હો.હેઝલવુડ | 29 | 110 | 3 | 0 |
| વેરિયન કો.સ્મિથ બો.રેનશો | 1 | 3 | 0 | 0 |
| યાન્સન બો.હેઝલવુડ | 35 | 54 | 6 | 1 |
| હાર્મર કો.કેરી બો.હેઝલવુડ | 0 | 3 | 0 | 0 |
| મહારાજ નોટઆઉટ | 1 | 3 | 0 | 0 |
| નોર્કિયા કો.લિયોન બો.હેઝલવુડ | 4 | 4 | 1 | 0 |
| વધારાના | 11 | | | |
| કુલ (86.5 ઓવરમાં ઓલઆઉટ)206 | | | | |

**વિકેટપતન :** 1-7, 2-73, 3-82, 4-86, 5-155, 6-156, 7-201, 8-201, 9-201, 10-206

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 16 | 5 | 33 | 1 |
| જોશ હેઝલવુડ | 16.5 | 4 | 49 | 6 |
| પેટ કમિન્સ | 14 | 5 | 34 | 1 |
| નાથન લિયોન | 20 | 5 | 32 | 0 |
| મેટ રેનશો | 13 | 2 | 30 | 2 |
| બ્યુ વેબસ્ટર | 3 | 2 | 4 | 0 |
| નિક મેડિનસન | 4 | 1 | 18 | 0 |

### ડરબન ટેસ્ટમાં લાબુશેને અજાણતાં કિરમાણીના અનોખા રેકોર્ડની બરાબરી કરી

ડરબનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને હરાવ્યું ત્યારે એ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન બેટ્સમેન માર્નસ લેમ્બુશેને અજાણતામાં એવો સંયોગ સર્જ્યો જે ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસમાં પહેલા ફક્ત એક જ વાર બન્યો છે. લેમ્બુશેને બંને ઇનિંગ્સમાં એકસમાન 58 બોલમાં 37 રન બનાવ્યા હતા. આ પહેલા ટેસ્ટ ક્રિકેટમાં આવું 1977માં બન્યું હતું જ્યારે ઓસ્ટ્રેલિયા સામે ભારતના વિકેટકીપર બેટ્સમેન સૈયદ કિરમાણીએ બંનેક ઇનિંગમાં 62 બોલ રમીને એકસમાન 29 રન બનાવ્યા હતા.

## રણજી ટ્રોફી : મુંબઇએ ચંદીગઢને, હૈદરાબાદે ત્રિપુરાને અને યુપીએ બિહારને હરાવ્યું

મુંબઈ, તા. 13 : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ ડીની અહીં રમાયેલી એક મેચમાં આજે મંગળવારે મુંબઈએ ચંદીગઢને એક ઇનિંગ્સ અને 155 રનથી હરાવીને રણજી ટ્રોફી ઝુંબેશની મજબૂત શરૂઆત કરી. મુંબઈ ત્રણ દિવસમાં જીતી ગયું અને બોનસ પોઈન્ટ પણ મેળવ્યા. વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, ચંદીગઢની બીજી ઇનિંગમાં પણ મુંબઈના બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું. આ તરફ સિકંદરાબાદમાં એલીટ ગ્રુપ બી મેચના ત્રીજા દિવસે હૈદરાબાદે ત્રિપુરાને એક ઇનિંગ્સ અને 40 રનથી હરાવીને રણજી ટ્રોફી અભિયાનની શાનદાર શરૂઆત કરી.ઝડપી બોલરો તાન્યુ ત્યાગરાજન અને મોહમ્મદ સિરાજે મળીને આઠ વિકેટ લીધી હતી, જેના કારણે હૈદરાબાદે ત્રિપુરાને બીજા દાવમાં 120 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. આ જીતથી હૈદરાબાદને બોનસ પોઈન્ટ સહિત કુલ સાત પોઈન્ટ મળ્યા. રાજગીરમાં ગ્રુપ A રણજી ટ્રોફી મેચમાં કાર્તિક યાદવ અને કરણ શર્માએ શાનદાર બોલિંગ પ્રદર્શન કરતાં ઉત્તર પ્રદેશે બિહારને એક ઇનિંગ્સ અને 267 રનથી હરાવ્યું.પ્રથમ ઇનિંગમાં 540 રન બનાવ્યા બાદ, ઉત્તર પ્રદેશે બિહારને બંને ઇનિંગમાં અનુક્રમે 141 અને 132રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

## બરોડા, ગુજરાત અને સૌરાષ્ટ્રની પોતપોતાના ગ્રુપમાં હરીફો પર મજબૂતાઇ

અમદાવાદ, તા. 13 : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં રમાતી એક મેચમાં આજે મંગળવારે ગુજરાતે ઓડિશા સામે પ્રથમ ઇનિંગમાં 115 રનની લીડ મેળવીને સંકજો મજબૂત કર્યો હતો. ઓડિશાએ બીજા ઇનિંગમાં ચાર વિકેટે 119 રન બનાવ્યા હતા અને એક દિવસ બાકી હતો. ઓડિશાના પ્રથમ દાવના કુલ 324 રનના જવાબમાં, ગુજરાતે 439 રન બનાવ્યા હતા. આ તરફ પણજીમાં, બરોડાએ પ્રથમ ઇનિંગમાં આઠ વિકેટે 472 રન બનાવીને પછી ગોવાને પ્રથમ ઇનિંગમાં 199 રનમાં ઓલઆઉટ કરીને ફોલો-ઓન કરાવ્યું હતું. ગોવા પોતાના બીજા દાવમાં 1 વિકેટે 35 રન બનાવી ચૂક્યું છે, અને હજુ પણ બરોડાથી 238 રન પાછળ છે. આ તરફ રાજકોટમાં સૌરાષ્ટ્રએ છત્તીસગઢને 312 રને ઓલઆઉટ કર્યા પછી 80 રનની પ્રથમ દાવની સરસાઇ મેળવી હતી અને બીજા દાવમાં વિના વિકેટે 45 રન બનાવી પોતાની સરસાઇ 125 રન કરી લીધી છે.

# એથ્લેટિક્સ કોચ યુનુસ ડોપિંગના કથિત ભંગ બદલ સસ્પેન્ડ

**નાડાએ** સાત ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ્સ અને ત્રણ રેસલર્સને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કર્યા છે



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઇ) : ભારતના પ્રસિદ્ધએથ્લેટિક્સ કોચ મોહમ્મદ યુનુસ ખાનને ડોપિંગ નિયમોના ઉલ્લંઘનમાં કથિત સંડોવણી બદલ અસ્થાયી રૂપે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ખાને તેમની શરૂઆતની કારકિર્દીમાં લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહને તાલીમ આપી હતી. પુણેમાં પ્રતિષ્ઠિત આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ (એએસઆઇ) ખાતે મધ્યમ અને લાંબા અંતરના દોડવીરોને તાલીમ આપતા ખાન પર નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (નાડા) દ્વારા તેના નિયમોની કલમ 2.9 હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં મેડલ જીતનાર 28 વર્ષીય ખાન 2017 સુધી લાંબા અંતરનો દોડવીર હતો. તેની સામેના આરોપો અને કથિત ઉલ્લંઘનોની વિગતો જાહેર કરવામાં આવી નથી. ખાને 2021 માં અરુણાચલ પ્રદેશમાં યોજાયેલી ક્રોસ-કન્ટ્રી રેસ દરમિયાન ગુલવીરની પ્રતિભા જોઈ હતી. ખાને બીજા લાંબા અંતરના દોડવીર કાર્તિક કુમારની પ્રતિભા ઓળખી કાઢી હતી.

નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (નાડા) એ સાત ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ્સને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કર્યા છે, જેમાંથી મોટાભાગના સ્ટીરોઈડના ઉપયોગ સંબંધિત ડોપિંગના આરોપોમાં છે.

# બાર્સેલોના-રીઅલ મેડ્રિડ વચ્ચે કોલકાતામાં પ્રદર્શની મેચ રમાશે

**બ્રાઝિલ** અને ઉરુગ્વે સામેની ભારતની મેચ પછી કોલકાતામાં વધુ એક હાઇ પ્રોફાઇલ મેચ

કોલકાતા, તા. 13 : સ્પેનના સૌથી મોટા ફૂટબોલ ક્લબ બાર્સેલોના અને રીઅલ મેડ્રિડના સ્ટાર ખેલાડીઓ વચ્ચે 25મી નવેમ્બરે અહીં એક પ્રદર્શની મેચનું આયોજન કરવામાં આવશે. પશ્ચિમ બંગાળના રમતગમત મંત્રી ઈન્દ્રનીલ ખાને મંગળવારે આ માહિતી આપી હતી. આ મેચ વિવેકાનંદ યુવા ભારતી ક્રિરાંગન (સોલ્ટ લેક સ્ટેડિયમ) ખાતે રમાશે.

ખાને તેમના સત્તાવાર 'X' હેન્ડલ પર એક પોસ્ટ દ્વારા આ કાર્યક્રમની જાહેરાત કરી. તેમણે બે કટ્ટર હરીફોના ભૂતપૂર્વ દિગ્ગજો વચ્ચેના ટક્કરનો સંકેત આપતા લખ્યું કે એલ ક્લાસિકો માટે તૈયારીઓ ચાલી રહી છે. બાર્સેલોના લિજેન્ડ્સ વિરુદ્ધ રીઅલ મેડ્રિડ લિજેન્ડ્સ. 25 નવેમ્બર, 2026, વિવેકાનંદ યુવા ભારતી ક્રીરંગન, કોલકાતા.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે આ પ્રતિષ્ઠિત સ્ટેડિયમે આ મહિનાની શરૂઆતમાં ભારતીય પુરુષ ફૂટબોલ ટીમની બે મોટી ઈન્ટરનેશનલ ફ્રેન્ડલી મેચોનું આયોજન કર્યું હતું.

## સુડોકુ ૬૬૫૩ 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૬ | ૭ | | | ૧ | ૫ | |
| | | | | ૯ | | | | |
| ૧ | | ૫ | ૩ | | | ૪ | | |
| | ૬ | | | ૩ | ૪ | | ૧ | ૭ |
| ૭ | ૩ | ૧ | | ૬ | ૯ | ૨ | ૪ | ૮ |
| ૪ | ૫ | | ૮ | ૭ | | | ૩ | ૬ |
| | | ૯ | ૬ | | ૩ | ૭ | ૨ | ૧ |
| | | | ૯ | ૧ | | ૩ | | |
| | | ૩ | ૪ | | ૭ | ૮ | ૯ | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગૂમડું

ફૂટે પછી જ રાહત થાય છે. પણ વહેલું ફૂટતું નથી જ. ખાટી આમલીના બીજ (ચીચુકા) ભીના કપડામાં લપેટી રાખી પોચા થવા દો. એને વાટી મુલાયમ મલમ બનાવી ગુમડા પર લેપ કરો. સત્વર ફૂટી જાય છે.

## શબ્દગુંફન - ૭૨૬૯

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ભગવાન (૪)
૪. તલવારનું ઘર (૩)
૭. મૂર્ખપણું (૩)
૮. ચાલવું, જવું તે (૩)
૧૦. પંજાબની એક નદી (૪)
૧૨. અત્યારે (૨)
૧૩. અઠવાડિયાનો દરેક દિવસ (૨)
૧૪. કહાણી, કથા (૩)
૧૬. યુદ્ધમાં જીતનારો યોદ્ધો (૪)
૧૮. રોજગાર (૨)
૧૯. પૃથ્વી (૨)
૨૦. એક જાતનું કાપડ (૨)
૨૧. હિંમત (૨)
૨૨. ઈન્દ્ર (૩)
૨૪. કિનારો (૨)
૨૬. પશુ, જનાવર (૪)
૨૯. ચળકતું, તેજવાળું (૫)
૩૨. કુદરતી બરફ (૨)
૩૩. લોકમત (૪)

**ઊભીચાવી**
૨. બનાવેલું (૩)
૩. આનંદ, વિનોદ (૩)
૪. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક (૪)
૫. પર્વત (૨)
૬. ન બોલવું તે (૨)
૯. મોર (૩)
૧૦. દીવાની જ્યોત (૨)
૧૧. મીઠું, નમક (૩)
૧૩. પવન (૨)
૧૪. ઘોડો (૨)
૧૫. કેળવણી (૩)
૧૬. મહેરબાની, કૃપા (૩)
૧૭. જીભ (૩)
૧૮. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૨૦. જિંદગી (૩)
૨૧. દુકાન, ગુજરી, બજાર (૨)
૨૩. ગ્રાહક (૩)
૨૪. પૈસાદાર (૨)
૨૫. પશુ-પંખીનું મોં (૨)
૨૬. ધાન્ય, અનાજ (૨)
૨૭. મુખ, ચહેરો (૩)
૨૮. જુસ્સો, જોર (૨)
૩૦. દિલ, અંતઃકરણ (૨)
૩૧. રમતમાં આવતો વારો (૨)
૩૨. કલ્યાણ (૨)



## આજનું પંચાંગ

**તા. 14/10/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદઃ ચોથઃ 25:14 - વિનાયક ચતુર્થી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-22
**યોગ :**આયુષ્યમાન **કરણઃ** વણિજ
**નક્ષત્ર :** અનુરાધા:28:04 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી **રાશિઃ** વૃશ્ચિક (ન.ય.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:35 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:14
**નવકારસી :** 07:23
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાદીઉલ અવલ માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ધર્મ તીર્થ યાત્રા અને ધ્યાન વગેરેમાં મનને શાંતિ મળે. સરકારી કામમાં પ્રગતિ થાય.
**વૃષભ (બ,વ,ઉ,):** ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. આવક વધારવાની યોજના બને. સમાજમાં માન વધે.
**મિથુન (ક,છ,ઘ,):** આરોગ્ય સુધરે નોકરીમાં પ્રભાવ વધે. માતા-પિતાનો સાથ મળે. સરકારી કામમાં ગતિ આવે.
**કર્ક (ડ,હ,):** સાહિત્ય લેખન, મોજ-શોખ, શેર બજાર, શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ થાય. આવક વધે.
**સિંહ (મ,ટ,):** વિવાદથી બચવું બહારના કામમાં મદદ મળે. નવી નોકરીની તક મળે. સમાજમાં માન વધે. ધર્મ-કર્મ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** મિત્રો સાથે નવા કામની યોજના બને. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં પ્રભાવ વધે. સેવાનાં કામ થાય.
**તુલા (ર,ત,):** ધાર્મિક વાતાવરણથી ઘરમાં શાંતિ વધશે. આવક વધે. ઉઘરાણી આવે. સામાજિક સંબંધો વધે.
**વૃશ્ચિક (ન,ય,):** નવા સકારાત્મક વિચારો અને કામમાં નવી ટેકનોલોજીની આવડતથી અચાનક નવી તક મળે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધાર્મિક પ્રવાસ થાય. દાન-પુણ્યથી મનને શાંતિ મળે. રોજના કામમાં મદદ મળે. ઘરમાં શાંતિ રહે.
**મકર (ખ,જ,):** મિત્રો સાથે સામાજિક કાર્ય પાર પડે. આવક વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. શેર બજારમાં તક મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રમોશનની શકયતા વધે. પ્રોપર્ટીના કામમાં આવક વધે.
**મીન (દ,ચ,ઝ,થ,):** ધાર્મિક સાહિત્ય તીર્થ યાત્રા, વિદેશનાં કામ, ઉચ્ચ શિક્ષણ, લેખન વગેરેમાં પ્રગતિ થાય.

## કોઈ પણ સાલમાં 14 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. નવુ શિખવા મળે. નવા ફેરફારથી નવી જવાબદારી વધે. નવી જગ્યાએ કામમાં પ્રતિકૂળતા રહે. સમાજમાં માન વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડે. સંતાનોનાં અભ્યાસ -કેરીયરમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોની મદદ મળે. વિદેશમાં વિદ્યાભ્યાસની યોજના પાર પડે. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. સ્ત્રી વર્ગ માટે વર્ષ અનુકૂળ રહે. આરોગ્યની સમસ્યા વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે, જૂન, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં બુધ શુક્રવારે 05, 14,23 તારીખે નવા કામ કરવાં. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈમાં શનિવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. લાલ, કાળા, રંગનો ઉપયોગ ટાળવો. બુધવારના ઉપાય કરતા રહેવું.

**પશ્ચિમ રેલવે**
**રીપ્લેસમેન્ટ કામો**
સીનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (સાઉથ), 2જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર્સ ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઇ-ટેન્ડર નોટિસ નં.: SG_217_2_314_WA, તારીખ: 8.10.2026 દ્વારા ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. કામ અને સ્થળ: મુંબઈ સબર્બન સેક્શન - ચર્ચગેટ, મરિન લાઈન્સ, મુંબઈ સેન્ટ્રલ, રામ મન્દિર, ગોરેગાંવ અને મલાડ સ્ટેશનો પર મુદત પૂરી થયેલ AFTCની જગ્યાએ MSDAC બદલવાના કામો. કામની અંદાજિત કિંમત: રૂ.16,28,20,943.21. EMD: રૂ. 32,56,400/-. સબમિશન માટેનો સમય અને તારીખ: 02.11.2026, 15:00 કલાક સુધી. ખોલવાનો સમય અને તારીખ: 02.11.2026ના રોજ 15:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0694
અમને લાઇક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**OHE સ્ટ્રક્ચર્સની નંબરીંગ યોજનાનું પ્રમાણીકરણ**
વરિષ્ઠ વિભાગીય વિદ્યુત ઇજનેર (સબ), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, ઇ-ટેન્ડર નોટિસ નં.: WR-MMCTOESUB (ESOT)/25/2025(RT-2), તા.: 08.10.2026 આમંત્રિત કરે છે. કામનું નામ: ચર્ચગેટ - વિરાર સેક્શન - OHE સ્ટ્રક્ચર્સની નંબરિંગ યોજનાનું પ્રમાણીકરણ. કામની અંદાજિત કિંમત: રૂ. 2,08,67,965/-. બિડ સિક્યોરિટી: રૂ. 4,17,400/-. સબમિશન માટેનો સમય અને તારીખ: 05.11.2026ના રોજ 15:00 કલાક સુધી. ઓપનિંગ માટેનો સમય અને તારીખ: 05.11.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0695
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**રાજપીપલા નગરપાલિકા**
**દારૂખાનાની દુકાનોના પ્લોટોની જાહેર હરાજી-૨૦૨૬-૨૭**
રાજપીપલા નગરપાલિકાના ગાર્ડનમાં સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે ફટાકડાની દુકાનો માટે પાડેલ પ્લોટોની જાહેર હરાજી તા.૧૪/૧૦/૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૨.૦૦ કલાકે નગરપાલિકા કચેરીમાં રાખવામાં આવી છે. તો તેમાં ભાગ લેવા ઈચ્છતા વેપારીઓએ હરાજી શરૂ થતાં પહેલાં રૂ.૧૦૦૦/- ડીપોઝીટ ભરી શરતો મેળવી લઈ હરાજીમાં હાજર રહેવા વિનંતી છે. ડીપોઝીટ સમય પહેલા ભરવાની રહેશે. ડીપોઝીટ નહીં ભરનાર હરાજીમાં ભાગ લઈ શકશે નહીં. હરાજીની શરતો તથા નકશા ઓફિસમાં જોવા મળશે. પ્લોટવાઈઝ હરાજીની કિંમત પ્લોટની નક્કી કરેલ અપસેટ કિંમતોથી શરૂ કરવાની રહેશે અને બોલી રૂ.૫૦૦/- ના ગુણાંકમાં જ બોલવાની રહેશે.
(શિવાનીબેન એ મહેતા) પ્રમુખ રાજપીપલા નગરપાલિકા
(વૈશાલી જી વરિયા) મુખ્ય અધિકારી રાજપીપલા નગરપાલિકા
માહિતી/નર્મદા/૩૨૪/૨૦૨૬-૨૭

**જાહેરાત**
**( ચોથો પ્રયત્ન )**
સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર અને મિશન વાત્સલ્ય યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં મંજુર થયેલ સરકારી ચિલ્ડ્રન હોમ્ ફોર ગર્લ્સ, વલસાડ માટે કુલ-૧૦૦ બાળકીઓ રહી શકે તેવા ઓરડાઓ, રસોડું તથા બાથરૂમ અને શૌચાલયની સુવિધાઓ સાથે હવા ઉજાસવાળું તેમજ રમત-ગમત માટે ખુલ્લી જગ્યા અને સુરક્ષિત દિવાલ ૨૪X૭ કલાક પાણી, વીજળી, ગટર વ્યવસ્થા સાથેનું સ્વતંત્ર મકાન ધરાવતા માલિકો પાસેથી મકાન માલિકીના પુરાવાઓ અને ફોટોગ્રાફ્સ સાથે માસિક ભાડાના ભાવપત્રકોની દરખાસ્ત મંગાવવામાં આવે છે. આ અંગેનું માસિક ભાડું સરકારશ્રીના નીતીનિયમ મુજબ ચુકવવામાં આવશે. આ મુજબનું મકાન ભાડે આપવા ઇચ્છુક ટ્રસ્ટ, સંસ્થા અથવા વ્યક્તિએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન-૨, ત્રીજો માળ, તિથલ રોડ, વલસાડ ખાતે દિન-૧૦માં રૂબરૂ અથવા ટપાલ, કુરીયર દ્વારા બંધ કવરમાં "ભાડાના મકાન માટેનું ભાવપત્રક" તેવો સ્પષ્ટ ઉલ્લેખ સાથે દરખાસ્ત મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ભાવપત્રકની દરખાસ્ત ધ્યાને લેવામાં આવેશે નહિ જેની નોંધ લેવી.
સભ્ય સચિવ જિલ્લા બાળ સુરક્ષા સમિતિ -વ- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વલસાડ
નં. માહિતી/વલસાડ/૪૭૪/૨૦૨૬

**જાહેર નિવિદા**
"વિકસિત ભારત ગેરંટી- રોજગાર અને આજીવિકા મિશન - ગ્રામીણ યોજના" હેઠળ કપરાડા તાલુકામાં સમાવિષ્ટ ૬૯ ગ્રામપંચાયતમાં યોજના હેઠળ ચાલતા કામોમાં માલસામાન ઈ-ટેન્ડરની શરતો મુજબ પૂરો પાડવા માટે બીજી વાર જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ કામ માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે, રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ તેમના ભાવો ઈ-ટેન્ડર પધ્ધતીથી મોકલવાના રેહશે. ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર જોવા મળશે, તેમાં જણાવ્યા મુજબ ટેન્ડર અપલોડ કરી શકાશે. ટેન્ડર ઓનલાઈન ભરવાની તારીખ ૧૫/૧૦/૨૦૨૬ ના રોજ ૧૦.૦૦ કલાક થી શરૂ થશે અને છેલ્લી તારીખઃ- ૦૩/૧૧/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ભરી શકાશે.
સરનામુંઃ તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કપરાડા.
પ્રોગ્રામ ઓફિસર -વ- તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કપરાડા
નં. માહિતી/વલસાડ/૪૭૬/૨૦૨૬